ભાગ ૨ જો છપાય છે.

રમુજ સાથે બોધ આપનારી

એક રસીલી વાર્તા

કુવ્યસનોથી પાયમાલ થયેલો સુરતી શેઠીઓ.

સૌભાગ્યચંદ્ર શેઠ

યાને

બાપની પુંજી બરબાદ કરનારને

મિત્ર સુમતિનો બોધ.

રચી પ્રસીદ્ધ કરનાર

કસ્તુરચંદ સુરચંદ મારફતીઆ

દરિયામહેલ સુરત.

કીમત ૦-૧-૦.

પ્રકરણ ૧ લું.

સૌભાગ્યની અવળી નીકળેલી સહેલ.

આ અલબેલી સુર્યપુર નગરીમા એક દિવસે બપોરે નદી કીનારે આવેલા એક બંગલામાં સૌભાગ્યચંદ્ર નામનો એક યુવાન પોતાના શયન ગૃહમા સુતો છે આ સૌભાગ્યચંદ્ર હાલમાં આશરે ૨૫ વર્ષનો તરૂણ હતો પૈસાથી ભરપુર હોવાને લીધે જોકે વિદ્યા સાથે વૈર હતુ તો પણ સૌભાગ્યવતી નામની સુંદર સ્ત્રીનો પતિ થવા સાથ એક બાળકનો પિતા થવા પામ્યો હતો. સૌભાગ્યચંદ્રના પિતાનું નામ કુસુમચંદ્ર હતું અને પુત્રનું નામ ઝવેરચંદ્ર હતું સૌભાગ્યચંદ્રની માતા તો તેણે બાળપણમા મુકીનેજ ગુજરી ગઈ હતી.

પ્રિય વાંચનાર! નાયક સૌભાગ્યચંદ્રની આ પ્રમાણે ઓળખાણ કરાવ્યા બાદ આપણે આગળ ચાલીએ. વાર્તાના નાયકનો એક ખાસ મિત્ર જેનું નામ સુમતિચંદ્ર હતું તે આ વખતે સૌભાગ્યચંદ્રના શયન ગૃહમાં આવ્યો અને નિદ્રાવશ થયેલા સૌભાગ્યને ઉઠાડયો. આ બે મિત્રો વચ્ચેની વાતચીત દર્શાવ્યા પહેલાં તે બેની ચાલચલગત વિશે સ્હેજ ઇશારો કરવાની જરૂર છે.

સૈભાગ્ય હાલના સમયના કુસંગમાં ઉછરતા કુધરેલા યુવાનોમાંનો એક હતો નાની વયમાં માતા ગુજરી ગયેલી હોવાથી તેનો પિતા તેના પર બહુ પ્યાર રાખતો હતો અને લાડમાં ઉછેરતો હતો. તેનો પિતા પૈસે ટકે ભરપુર હોવાથી તે જે માગે તે તરત હાજર કરતો હતો. પોતાની સુંદર સદ્દગુણી સ્ત્રી છતાં વેશ્યાના ઘરને પવિત્ર સ્થળ માની તે પુત્ર ઘણો ખરો વખત ત્યાંજ ગાળતો હતો. દારૂ આદિ અભક્ષ્ય વસ્તુઓનુ ભક્ષણુ કરતો હતો જુગારમા બાપની ઘણી દોલત ખુવાર કરી હતી પોતાને ઘેર રાત્રે બાર વાગ્યા પહેલા આવવું તેને તો તે પિતાનું અપમાન થયું એમ સમજતો હતો, ટુંકમાં હાલના કુસગતમાં બગડી જતા ખાનદાનના પુત્રોમાનો તે એક હતો અને તેના બાપને એભય લાગતો હતો કે આ પુત્ર થોડાજ વખતમાં મારી સઘળી દોલત માલમતાના ફનાફાતીઆ કરી નાંખશે. સૌભાગ્યની આવી સ્થીતિ હતી ત્યારે તેનો મિત્ર સુમતિ એક સુમિત્ર થવાને લાયક ખરો મિત્ર હતો તે વારંવાર તેના મિત્રને કુસંગતમાં રખડતો અટકાવતો હતો. તેની કુટેવો છોડાવવાને હમેશા પ્રયત્ન કરતો હતો અને ટુંકમા

ભલો તેજ મિત્ર ખરો જે ઇમાની,
નિભાવે મોહબત થઇ એક ધ્યાની,
વિપત્તિ સમે મિત્ર ઈજ્જત બચાવે,
ફરજ મિત્રની જે પ્રિતીથી બજાવે, (હયરત)

આ લીટીઓને ખરેખર માન આપતો હતો.

સુમિત્ર સુમતિ પોતાના મિત્ર સૌભાગ્યના શયન ગૃહમાં આવ્યો ત્યાર બાદ સૌભાગ્યે ઉઠી મ્હોં ધોયું અને બેઉ મિત્રો ખુરશીઓ પર બેઠા બેઠા વાતો કરે છે.

સુમતિ–કેમ મિત્ર સૌભાગ્ય આજે કાંઇ અત્યારે સુતા હતા ?

સૌભાગ્ય–કાંઇ નહિ એતો જરા રાતનો ઉજાગરો હતો.

સુમતિ–ભાઇ કાંઈ સહેલ કરવા ગયા હતા કે શું ?

સૌભાગ્ય–ભાઈ કાલે તો સહેલ અવળી નીકળી ગઇ.

સુમતિ–કેમ શું થયું કહેતો ખરો !

સૌ–ભાઇ ન બોલ્યામાં નવ ગુણ, એતો આપણે જાણીયે ને આપણું મન જાણે.

સુ–ભાઇ શું થયું તે કહેતો ખરો. મારાથી શું કામ છુપાવે છે. દીલગીર થવાનું શું કારણ છે.

સૌ–લે ભાઇ તારો ઘણો આગ્રહ છે તો કહું છું સાંભળઃ–

ગઇ કાલે સાંજે વાળુ કર્યા બાદ મારો બીજો મિત્ર કુમતિ મને ઘણો આગ્રહ કરી વેશ્યા ગૃહે લઈ ગયો ત્યાં મને દારૂ પીવાડયો અને ત્યાં ત્રણ ચાર જુગારીઓ બેઠા હતા તેની સાથે જુગાર રમવા બેસાડયો કમનસીબે ગઈ કાલે મારી પાસે મારા બાપની રૂા. સાત હજારની

નોટો મારા ગજવામાં રહી ગઇ હતી, હું રમવા બેઠો રૂા. સો સવાસો ગયા બાદ મેં મારા બાપની નોટ કાઢી હાર્યો જુગારી બમણું રમે તેમ નોટો ધીમે ધીમે જવા માડી રૂા. સાડા છ હજાર ગયા પાંચશો બાકી રહ્યા. પાછા વધવા માંડયા રૂા. પાંચેક હજાર થયા હું મુરખને વિચાર થયો કે બધાંજ પાછા લઉં તોજ ખરો લોભમા સપડાયો પાછો હારવા લાગ્યો રૂા. પાંચ હજાર ખલાસ થયા શરીર પરના ઘરેણાં ઘડીયાળ ગીરો મુકયાં તે પણ ગયા, નીચે ગાડી ઘોડો ઉભો હતો તે પણ બીટમાં મુકયા આખરે કપડાં પર વાત આવી (આટલું બોલતા સૌભાગ્યની આખમાં પાણી ભરાઇ આવ્યા) રૂા. ચાળીશની ટોપી દશમાં આપી ડગલો આપ્યો અરે મારા સાત રૂપીયાના બુટ રૂા. બે ના આપ્યા પણ અરે નસીબ બધુંજ ગયું આટલું બોલતા સૌભાગ્યના આંસુઓ વધી ગયા જોરથી કપાળ ઠોકી ખુરશી પરથી ઉઠી મુર્છાવશ થઈ પલગ પર પડયો

મિત્ર સુમતિ આ વૃત્તાંત સાંભળી પાચ મિનીટ શાત રહ્યો, પછી ઉઠયો. મિત્રનો હાથ પકડી ઉઠાડયો. દીલાસો આપતાં કહ્યું કે, “ભાઇ કાંઇ ફિકર ન કર, એમાં વાક તારો નથી. તારા કર્મનો છે. એ પરીણામ તારા કૃત્યથી નથી આવ્યું પણ કુમતિ જેવા ધુતારા લુચ્ચા મિત્રની સંગતથીજ આવ્યું છે, કાંઇ નહિ, ધીરજ ધર પૈસા આજ છે

જૈન પ્રીન્ટીંગ વર્કસ લીમીટેડ (ઈનલીકવીડેશન)
મા મ. બા. છાપ્યુ–સુરત